**<u>રેગ્યુ.દિવાની અપીલ નં.૨૯/૨૦૧૫ ના કામે આંક–૧ હેઠળ હુકમ</u>**

એપેલેન્ટનો પોકાર કરતા એપેલેન્ટ કે તેઓના વિ.વ.શ્રી હાજર નથી કે કોઈ રીપોર્ટ નથી. સામાવાળાના વિ.વ.શ્રી હાજર છે. સામાવાળાના વિ.વ.શ્રીએ અત્રેની કોર્ટનું ધ્યાન આંક–૧૩ થી રજુ તા.૦૮/૧૧/૨૦૧૯ ની પુરસીસ તરફ દોરી જણાવેલ છે કે અત્રેના કામના એકમાત્ર સામાવાળા પટેલ કુબેરભાઈ ઈશ્વરભાઈ તા.૧૩/૦૨/૨૦૧૯ ના રોજ મરણ ગયેલ છે અને વખતો વખત તકો મળેલ હોવા છતાં એપેલેન્ટ કે એપેલેન્ટના વિ.વ.શ્રીએ સદર મરણ ગયેલ સામાવાળાના વારસદારોને અત્રેની અપીલના કામમાં જોડવા કોઈ તજવીજ કરેલ ન હોઈ, અત્રેની અપીલ એબેટ થયેલ છે.

અપીલના કામમાં રજુ આંક–૧૩ ની પુરસીસ તથા સદર પુરસીસ સાથે રજુ મરણ દાખલાની સર્ટીફાઈડ નકલ જોતાં અત્રેના કામના એકમાત્ર સામાવાળા પટેલ કુબેરભાઈ ઈશ્વરભાઈ તા.૧૩/૦૨/૨૦૧૯ ના રોજ મરણ ગયેલ હોવાનું જણાઈ આવે છે. આંક–૧૩ થી રજુ પુરસીસ જોતાં સદર પુરસીસના કામમાં એપેલેન્ટના વિ.વ.શ્રીનાઓએ 'સીન' નો શેરો કરેલ હોવાનું પણ જણાઈ આવે છે ત્યારે સદર હકીકત એપેલેન્ટના વિ.વ.શ્રીના ધ્યાન ઉપર હોવાનું સ્પષ્ટ થઈ આવે છે. એપેલેન્ટ કે એપેલેન્ટના વિ.વ.શ્રીને વખતો વખત તક મળેલ હોવા છતાં અપીલના કામમાં એકમાત્ર સામાવાળાના વારસોને જોડવા તેઓએ કોઈ તજવીજ કરેલ ન હોઈ અને અપીલના કામના સામાવાળા તા.૧૩/૦૨/૨૦૧૯ ના રોજ મરણ ગયેલ હોઈ, અત્રેની અપીલ તે રીતે એબેટ થતાં તેનો નિકાલ કરવામાં આવે છે.

ટ્રાયલ કોર્ટનું રેકર્ડ હુકમની નકલ સાથે મોકલી આપવું.

આ હુકમ આજરોજ તા.૧૭મી, ઓગષ્ટ ૨૦૨૧ નાં રોજ મહેસાણા મુકામે ખુલ્લી અદાલતમાં જાહેર કર્યો.

મહેસાણા.

તારીખ: ૧૭/૦૮/૨૦૨૧

**(હેમાંગ રાજેન્દ્ર રાવલ)**

એડીશનલ ડીસ્ટ્રીકટ જજ

મહેસાણા.

( કોડ નંબર: **જીજે ૦૧૪૯૭** )